

# NRG TIMES


A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. ઓગસ્ટ ૩૧, ૨૦૨૩ • શ્રાવણ સુદ ૧૫ સંવત ૨૦૭૯

Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat



**Shri Mohammad Shahid, IAS**
Hon'ble Chairman, GSNRGF,
Principal Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF

Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF

FOR PRIVATE CIRCULATION ONLY

## ગુજરાતની સૌથી વધુ ૮૨ વિકાસ યોજનાની ફંડ
## દેશના ફેવરિટ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશનમાં ગુજરાત નં.૧

ભારતમાં રોકાણ માટેના સૌથી પસંદગીના રાજ્યોમાં ગુજરાતે બાજી મારી છે. ભારતમાં 'મોસ્ટ ફેવરિટ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન'ની યાદીમાં ગુજરાતે નંબર-૧નું સ્થાન હાંસલ કર્યું છે. આ યાદીનો અર્થ એ છે કે દેશની બેન્કો અને નાણાકીય સંસ્થાઓએ અન્ય રાજ્યોની તુલનામાં ગુજરાતની વિકાસ યોજનાઓમાં વધુ વિશ્વાસ મૂક્યો છે. આરબીઆઇના તાજા બુલેટિન પ્રમાણે ૨૦૨૨-૨૩માં દેશમાં ગુજરાતમાં સૌથી વધુ ૮૨ વિકાસ યોજનાઓને બેન્કો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા ફંડ પૂરું પાડવામાં આવ્યું છે. વિવિધ સંસ્થાઓ દ્વારા મંજૂર યોજનાઓના કુલ ખર્ચમાં ગુજરાત ૧૪ ટકા સાથે દેશમાં બીજા સ્થાને છે. વર્ષ ૨૦૧૩થી ૨૦૨૩ સુધીમાં દેશની બેન્કો અને નાણાકીય સંસ્થાઓનો સૌથી વધુ વિશ્વાસ ગુજરાતના વિકાસ પ્રોજેક્ટ પર જોવા મળ્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતના ૬૯૨ વિકાસ પ્રોજેક્ટને ફંડ મળ્યું છે, જે અન્ય રાજ્યો દ્વારા ફંડ મેળવનારી વિકાસ યોજનાઓની તુલનામાં સર્વાધિક છે. છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું માર્ગદર્શન મળ્યું છે. ગુજરાતની રોકાણ અનુકૂળ પોલિસી અને ઉદ્યોગને અનુકૂળ માહોલ આનું મુખ્ય કારણ છે. ગુજરાતે હાંસલ કરેલી આ સિદ્ધિ આગામી વાઈબ્રન્ટ સમિટ માટે મહત્વની બની રહેશે.

(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૨૧ ઓગસ્ટ ૨૦૨૩)

## સોલર ક્રાંતિની નવી ગાથા લખી રહ્યું છે ગુજરાત
## રૂફટોપ સોલરની સંખ્યામાં ગુજરાત દેશમાં ટોચ પર

પરંપરાગત ઇંધણ પરથી ભારણ હટાવીને, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦ ટકા વીજળી આપૂર્તિ વિવિધ પુનઃપ્રાપ્ય ઉર્જા સ્રોત દ્વારા થાય, તે હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પહેલ હાથ ધરવામાં આવી છે. ભારતના આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત એક અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે. સિંગલ વિન્ડો સિસ્ટમ, આકર્ષક સબસીડી અને સરળ વહીવટના લીધે, રૂફટોપ સોલરની સંખ્યામાં ગુજરાત દેશમાં ટોચ પર છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં રાજ્ય સરકારે સોલર રૂફટોપના લાભાર્થીઓ પાસેથી વીજળી ખરીદીને રૂ. ૧૦૭ કરોડ નાગરિકોને ચૂકવ્યા છે. વર્ષ ૨૦૧૯થી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના ગાળામાં અત્યાર સુધી સરકારે રૂ. ૨૦૭ કરોડની વીજળી ખરીદી છે. ગુજરાતે રૂફટોપ સોલર ઇન્સ્ટોલેશનને પ્રોત્સાહન આપવા માટે ઘણી પ્રગતિશીલ નીતિઓ અને પ્રોત્સાહનો અમલમાં મૂક્યા છે. આ નીતિઓમાં અનુકૂળ નેટ મીટરિંગ નિયમો, સબસિડી, ટેક્સ અંગેના ફાયદા અને સોલર પ્રોજેક્ટ્સ માટે ઓછા વ્યાજની લોનનો સમાવેશ થાય છે. પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલર પાર્કનું નિર્માણ અને રૂફટોપ સોલર ઇન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩ના છેલ્લા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૨૧૮૩૯ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં ૮૦૭૭ MU સોલર, ૧૨૨૫૯ MU પવન, ૧૩૭૮ MU હાઇડ્રો, ૧૦૨ સ્મોલ હાઇડ્રો અને ૨૩ MU બાયોમાસ અને બગાસ છે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

વહાલા બિન નિવાસી ગુજરાતી મિત્રો,
NRG Times માટે આપનો પ્રતિભાવ તેમજ કોઇ સુચન હોય તો મોકલી આપવા વિનંતી છે. જેથી આપના માટે પ્રકાશિત થતાં આ મેગેઝીનને વધુ ઉપયોગી બનાવી શકાય.

# કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં રાયપુર ખાતે ગુજરાતી સમાજની બેઠક યોજાઇ



તાજેતરમાં છત્તીસગઢના રાયપુર ખાતે ગુજરાતી સમાજની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ ભાગ લીધો હતો. સમાજ દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠક ગુજરાતી સમાજ સંરક્ષકશ્રી રમેશ મોદીના નિવાસસ્થાને યોજાઇ હતી. બેઠકમાં છત્તીસગઢ રાજ્યના તમામ જિલ્લાના ગુજરાતી સમાજના અગ્રણીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં દેવજીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય પ્રમુખ એન. આર. ગુજરાતી એસોસિએશન સહિત ગુજરાતી સમાજના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.bhaskar.com)

# નેશનલ ફિલ્મ એવોર્ડમાં ગુજરાતની ૪ ફિલ્મો ચમકી

નવી દિલ્હી ખાતે વર્ષ ૨૦૨૧ માટેના ૬૯મા નેશનલ ફિલ્મ એવોર્ડના વિજેતાઓનું એલાન કરાયું હતું. આ વખતે નેશનલ એવોર્ડ્સમાં ગુજરાતી સિનેમાને પણ પાંચ એવોર્ડ મળ્યા છે. ફીચર ફિલ્મની ૩૧ કેટેગરી, નોન ફીચર ફિલ્મની ૨૪ કેટેગરી અને બેસ્ટ રાઇટિંગની ત્રણ કેટેગરીમાં જ્યૂરીએ એવોર્ડ્સનું એલાન કર્યું હતું. પ્રોડ્યુસર જુગાડ મોશન પિક્ચરના બેનર અને પાન નલિનના ડાયરેક્શન હેઠળ બનેલી ફિલ્મ 'છેલ્લો શો' (ધ લાસ્ટ શો) કે જે ઓસ્કાર સુધી ભારતની અધિકૃત એન્ટ્રી તરીકે પહોંચી હતી તેને બેસ્ટ ગુજરાતી ફિલ્મનો નેશનલ એવોર્ડ મળ્યો હતો. બેસ્ટ ચાઈલ્ડ આર્ટિસ્ટનો એવોર્ડ છેલ્લો શોમાં મુખ્ય રોલ ભજવનાર ભાવિન રબારીને મળ્યો હતો. 'ગાંધી એન્ડ કંપની'ને બેસ્ટ ચિલ્ડ્રન ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો જેને સ્વર્ણ કમળ અને દોઢ લાખનું ઈનામ આપવામાં આવ્યું હતું. બેસ્ટ શોર્ટ ફિક્શન ફિલ્મનો પુરસ્કાર નેમિલ શાહના ડાયરેક્શનમાં બનેલી ગુજરાતી શોર્ટ ફિલ્મ 'દાળ-ભાત'ને અપાયો છે. આ સિવાય બેસ્ટ ડેબ્યૂ નોન ફીચર ફિલ્મનો એવોર્ડ ફિલ્મ 'પાંચિકા'ને અપાયો હતો.

(Sources : https://gujarati.connectgujarat.com)




# વિદેશમાં પણ ભારતના સ્વતંત્રતા દિવસની ધામધૂમથી ઉજવણી







ભારતમાં ૧૫ ઑગસ્ટે સ્વતંત્રતા દિવસની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. તેવી જ રીતે ભારત બહાર વસતા ભારતીય સમુદાયે પણ આ દિવસની ધામધૂમથી ઉજવણી કરી હતી. ગુજરાતમાંથી કેનેડામાં સેટલ થયેલા વેટરનરી ડોક્ટરોએ NAVGUJના નેજા હેઠળ ૨૦૦૪માં એક વર્ચ્યુઅલ ગ્રુપ બનાવ્યું હતું. આ ગ્રુપ દર વર્ષે ભેગા થવાનું આયોજન કરે છે. આ વર્ષે કેનેડા અને અમેરિકામાંથી વેટરનરી ડોક્ટરોના ૧૯૦ કુટુંબીજનોએ ભેગા થઈને સ્વતંત્રતા દિવસની ઉજવણી કરી હતી.

અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં પણ ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી, કેક કોર્નર અને આર્ટેસિયા ચેમ્બર ઓફ કોમર્સના સંયુક્ત ઉપક્રમે આર્ટેસિયા સીટી હોલ ખાતે ભારતીય સ્વાતંત્ર્ય દિવસની ખૂબ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્થાનિક સામાજિક અને વ્યવસાયિક અગ્રણીઓ સાથે આર્ટેસિયાના મેયર અને અન્ય રાજકીય હસ્તીઓએ ખાસ ઉપસ્થિત રહી ભારતીયજનોને આઝાદી પર્વની શુભેચ્છા પાઠવી હતી.

ઓસ્ટ્રેલિયામાં 'લિટલ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયા' સંસ્થાએ પણ સ્વાતંત્રતા દિવસની ઉજવણી કરી હતી. ઓસ્ટ્રેલિયાના સિડનીના સબર્બ હેરિસ પાર્કમાં ધ્વજવંદન થયું હતું. તેના પછી સંસ્થાના પ્રમુખ ગુરમીત તુલી, ચેરપર્સન પરાગ શાહ અને કલ્ચરલ ડાયરેક્ટર વૈભવી જોશીએ ધ્વજવંદન કાર્યક્રમની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. લિટલ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાએ સિનિયર સિટિઝનની સાથે હેરિસ પાર્કથી રોસેલાં પાર્ક સુધી તિરંગા રેલી કાઢી હતી. આ રેલીમાં પણ ઘણી જનમેદની જોવા મળી હતી.

(Source : www.divyabhaskar.co.in)

## મહેસાણા ખાતે ૨૫ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ 'વિદેશમાં લગ્ન – જાગરુકતા પરિસંવાદ' યોજાયો




ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગર દ્વારા એન.આર.જી. સેન્ટર, મહેસાણાના સહયોગથી એન.આર.આઇ સાથે લગ્નના કિસ્સામાં છેતરપીંડી, વિશ્વાસઘાતના કિસ્સાઓ સામે જાગૃતિ લાવવાના આશયથી 'વિદેશમાં લગ્ન - જાગરૂકતા પરિસંવાદ'નું તા.૨૫/૦૮/૨૦૨૩ના રોજ ધિ ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં કોલેજના આશરે ૨૦૦ વિદ્યાર્થી ભાઇ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

એન.આર.જી. સેન્ટર, મહેસાણાના ચેરમેન તેમજ મહેસાણા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ શ્રી દશરથભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ તેમનો પરિચય આપવામાં આવ્યો હતો.

પરિસંવાદની શરૂઆત દિપ પ્રાગ્ટ્ય તથા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાન વતી કુ. રિધ્ધી પરમાર, મામલતદારશ્રી, એન.આર.જી.એફ. દ્વારા એન.આર.જી. ફાઉન્ડેશનની સ્થાપના તેમજ હેતુની રૂપરેખા આપવામાં આવી હતી. સાથે જ વિદેશમાં લગ્ન - જાગરૂકતા પરિસંવાદ વિશે, વિદેશ જતાં પહેલા રાખવાની તકેદારી વિશે તેમજ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી કામગીરી વિશેની માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ હોમિયોપેથી કોલેજ, કર્વેના પ્રિન્સિપાલશ્રી ડૉ. વાય. ટી. પટેલ દ્વારા ઉપસ્થિત સૌના સ્વાગત સાથે પ્રસંગાનુસાર ઉદ્દબોધન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિદેશમાં વસતાં ભારતીયો સાથે લગ્ન અંગે માર્ગદર્શન તથા જાગૃતતા ફેલાવવાના હેતુથી આ પરિસંવાદના મુખ્ય વક્તા જાણીતા સિનીયર એડવોકેટ શ્રી શીતલબેન પટેલ દ્વારા વિષયને અનુરૂપ તેઓના પોતાની પાસે આવતા કોર્ટ કેસના દાખલાના અનુભવને આધારે આવા છેતરપીંડીના અનેક કિસ્સાઓના વિસ્તૃત ઉદાહરણ આપી વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પરિસંવાદના સમાપનમાં ધિ ન્યૂ પ્રોગ્રેસિવ એજ્યુકેશન ટ્રસ્ટ, મહેસાણાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી ડૉ. એમ. એમ. પટેલ દ્વારા પ્રસંગને અનુરૂપ ઉદ્દબોધન કરવામાં આવેલ અને અંતમાં ઉપસ્થિત સર્વેનો આભાર પ્રગટ કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.



## આણંદ ખાતે ૧૦ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ 'વિદેશમાં લગ્ન – જાગરુકતા પરિસંવાદ' યોજાયો



એન.આર.જી. સેન્ટર, આણંદ દ્વારા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન, ગાંધીનગરના ઉપક્રમે એન.આર.આઇ સાથે લગ્નના કિસ્સામાં છેતરપીંડી, વિશ્વાસઘાતના કિસ્સાઓ સામે જાગૃતિ લાવવાના આશયથી તા.૧૦/૦૮/૨૦૨૩ને ગુરુવારના રોજ સ્વ. શ્રી આર. પી. પટેલ નર્સિંગ કોલેજ, ઓડમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે 'વિદેશમાં લગ્ન - જાગરૂકતા પરિસંવાદ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં કોલેજના ૩૫૦થી વધારે વિદ્યાર્થી ભાઇ-બહેનો સહભાગી થયા હતા.

આ સેમિનારમાં એન.આર.જી. સેન્ટર, આણંદના ઇન્ચાર્જશ્રી માલવભાઈ ભરવાડે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી તેઓનો શાબ્દિક પરિચય કરાવ્યો હતો. પરિસંવાદની શરૂઆત દિપ પ્રાગ્ટ્ય તથા પ્રાર્થનાથી કરવામાં આવી હતી. પ્રતિષ્ઠાન વતી કુ. રિધ્ધી પરમાર, મામલતદારશ્રી, એન.આર.જી.એફ. દ્વારા એન.આર.જી. ફાઉન્ડેશનની સ્થાપના તેમજ હેતુની રૂપરેખા આપવામાં આવી હતી. સાથે જ વિદેશમાં લગ્ન - જાગરૂકતા પરિસંવાદ વિશે, વિદેશ જતાં પહેલા રાખવાની તકેદારી વિશે તેમજ પ્રતિષ્ઠાન દ્વારા કરવામાં આવતી કામગીરી વિશેની માહિતી આપવામાં આવી હતી.

પરિસંવાદમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિદેશમાં વસતાં ભારતીયો સાથે લગ્ન અંગે માર્ગદર્શન તથા જાગૃતતા ફેલાવવાના હેતુથી આ પરિસંવાદના મુખ્ય વક્તાશ્રી ફેકલ્ટી ઓફ લૉ, એમ. એસ. યુનિવર્સિટી વડોદરાના પ્રો. ડૉ. આર. આઈ. પરીખે પોતાની આગવી છટામાં વિદ્યાર્થીઓને વિષયવસ્તુના અનુસંધાનમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઓડ કેળવણી મંડળના ચેરમેનશ્રી હિતેશભાઈ પટેલે તેમની સંસ્થા દ્વારા લગ્ન અંગેના પ્રશ્નોના સમાધાન તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવાની બાંહેધરી આપી હતી. એન.આર.જી. સેન્ટરના ચેરમેનશ્રી ડૉ. ભીખુભાઈ એન. પટેલના પ્રમુખ સ્થાને સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.



# કેનેડા સ્ટુડન્ટ વિઝા પર મર્યાદા લગાવી શકે છે



હાલ ગુજરાતમાં જેને જુઓ એને વિદેશ જવુ છે. કેનેડા, અમેરિકા, યુકે જેવા દેશોમાં સ્થાયી થવા ગુજરાતીઓ તલપાપડ બન્યા છે. આવામાં કેનેડાનો ક્રેઝ સૌથી વધુ છે. જુવાનિયાઓમાં કેનેડા હોટ ફેવરિટ કન્ટ્રી છે. પરંતુ જો તમે કેનેડા સ્થાયી થવાના સ્વપ્ન જોઈ રહ્યા છો તો ચેતી જવાની જરૂર છે. કારણ કે, કેનેડા સરકાર તરફથી ચિંતાજનક સમાચાર મળ્યા છે. કેનેડા સરકાર જલ્દી જ સ્ટુડન્ટ વિઝા પર મર્યાદા લગાવવાની વિચારણા કરી શકે છે.

કેનેડાના નવા હાઉસિંગ મિનિસ્ટર સીન ફ્રેઝરે જણાવ્યું હતું કે, કેનેડિયન સરકાર રહેણાક સ્થળોની વધતી કિંમતોને ધ્યાને રાખીને છેલ્લા કેટલાક વર્ષોથી વધી રહેલા ઇન્ટરનેશનલ સ્ટુડન્ટ વિઝા પર નિયંત્રણ રાખવા અંગે વિચાર કરી શકે છે. કેનેડા સરકારના ડેટા અનુસાર, વર્ષ ૨૦૧૨માં કેનેડા સરકારે ૨ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝાથી એન્ટ્રી આપી હતી. પરંતુ વર્ષ ૨૦૨૨માં આ સંખ્યામાં વધારો થઈને કેનેડામાં બહારથી આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૮ લાખને પાર કરી ગઈ છે. આ કારણે કેનેડાના માર્કેટ પર અને નોકરીની વ્યવસ્થા પર મોટી અસર પડી રહી છે. જોકે, સ્ટુડન્ટ વિઝા ઓછા આપવા પર કેનેડા સરકારે હજી સુધી કોઈ નિર્ણય લીધો નથી, પરંતુ જો આ સંખ્યામાં વધારો થયો તો સરકાર વહેલી તકે કોઈ નિર્ણય લઈ શકે છે.

આશરે ચાર કરોડ લોકોની વસ્તી ધરાવતું કેનેડા વર્ષ ૨૦૨૫માં રેકોર્ડ પાંચ લાખ નવા કાયમી રહેવાસીઓ સ્વીકારવાની યોજના ધરાવે છે. આવામાં કેનેડા સરકાર કોઈ પણ નિર્ણય લે તો તેની મોટી અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડી શકે છે, જેઓ કેનેડા વસવાટના સ્વપ્ન જોઈ રહ્યાં છે.

(Source : https://zeenews.india.com)

# પરદેશ જવું જ હોય તો ક્યાં જઈ શકાય?

ઉજ્જવળ ભવિષ્યની શોધમાં પરદેશ નીકળી પડતા યુવાનો ઘણી વખત ફસાઈ જાય છે. એવું ન થાય એ માટે ખરેખર કયા દેશમાં જરૂર છે એ જાણી લેવું જોઈએ. ગેરકાયદેસર રીતે અમેરિકામાં ઘૂસવા જતાં ગુજરાતીઓ નિયમિત રીતે મૃત્યુને ભેટી રહ્યાં છે. પરદેશ જવા માટે લાખો રૂપિયા છે પરંતુ એ જ રૂપિયાનો ઉપયોગ કરીને અહીં વતનમાં વિકસી શકાય એવી વિચારધારાનો અભાવ છે. અમેરિકા પછી મોટું આકર્ષણ કેનેડાનું છે, જ્યાં ખાલિસ્તાન, બેરોજગારી વગેરે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. એ ઉપરાંત પણ કેનેડા પરંપરાગત રીતે ભારતીય વિરોધી દેશ છે. ગુજરાતીઓ જ્યાં દોટ મૂકે છે ત્યાં આવી નાની-મોટી સમસ્યાઓ તો હોવાની જ. પરંતુ આપણે ભૂલી જઈએ છીએ કે દુનિયામાં ૨૦૦ જેટલા દેશો છે, માટે બે-પાંચ મોટા દેશોને પડતા મૂકીને એ તરફ પણ નજર દોડાવવી જોઈએ. જેમ કે...

**સિંગાપોર :** સિંગાપોર એ સિટી સ્ટેટ એટલે કે ટાપુ પર શહેર છે અને શહેર જ દેશ છે. સિંગાપોરે તાજેતરમાં જ ભારતમાંથી વધુ રસોઈયાઓ આયાત કરવાનો નિર્ણય લીધો છે. ત્યાં ભારતીય ફૂડની ડિમાન્ડ વધી રહી છે. માટે એ ફૂડ બનાવનારા પણ જોઈએ ને! સિંગાપોરના મિનિસ્ટ્રી ઓફ મેનપાવરે હવે ત્યાંની ભારતીય રેસ્ટોરાંને ભારતીય રસોઈયા બોલાવવા માટે મોકળાશ આપી છે. એ માટેની અરજી પ્રક્રિયા ૧લી સપ્ટેમ્બરથી શરૂ થશે.

**જાપાન :** જાપાની પ્રજાનું આયુષ્ય લાંબું છે. બીજી તરફ યુવા જાપાની પેઢીમાં સંતાનો પેદા કરવાનું પ્રમાણ ઘટી ગયું છે. એટલે જાપાનમાં તો વૃદ્ધોની દેખરેખ રાખનારાથી માંડીને બીજા કામ કરનારા યુવાઓની બહુ જરૂર છે. જાપાનમાં ગુજરાતી સહિત ભારતીયોની વસતી છે.

**કતાર :** મધ્ય-પૂર્વના ગલ્ફ દેશો સાથે ભારતીયોનો નાતો જૂનો છે. દર વર્ષે મોટી સંખ્યામાં લોકો ત્યાં વિવિધ કામગીરી માટે જાય છે. અહીં વ્હાઈટ કોલર જોબથી લઈને લેબર વર્ક સુધીનું કામ મળે છે. ઝડપથી વિકસી રહેલા કતારમાં પણ મોટી સંખ્યામાં ભારતીયોની જરૂર પડી રહી છે અને પડવાની છે. કતારમાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ રહે છે, ભારતથી તેનું અંતર ઓછું છે, ૭ લાખ ભારતીયો ત્યાં પહેલેથી કામ કરે છે. આવાં વિવિધ કારણોસર કતારમાં કામ કરવું સરળ પડે. નોકરી શોધવી હોય કે રોકાણ કરવું હોય, કતાર સરકાર ભારતીયોનું સ્વાગત કરે છે.

**UAE :** આપણે જેને દુબઈ કહીએ છીએ એ શહેર UAE (યુનાઈટેડ આરબ અમિરાત)નું મોટું મહાનગર છે, જ્યારે અબુધાબી તેનું પાટનગર છે. આખા જગતમાં સૌથી વધુ બાંધકામ દુબઈમાં થાય છે. ત્યાં તો એક કરતાં અનેક પ્રકારના કારીગરોની જરૂર છે. દુબઈની સ્પર્ધા હવે જગતનાં અગ્રણી નગરો સાથે છે એટલે એની ક્ષમતા જરાય ઓછી આંકવા જેવી નથી.

**બેલ્જિયમ :** બેલ્જિયમનું એન્ટવર્પ હીરા ઉદ્યોગના નકશામાં કોહીનૂરની માફક ચમકે છે. સુરતના ઘણા ઉદ્યોગપતિઓની તો ઓફિસો પણ એન્ટવર્પમાં છે. એન્જિનિયરિંગ, ફાર્મા, લોજિસ્ટિક, માર્કેટિંગ, સાઈબર સિક્યુરિટી, હ્યુમન રિસોર્સ વગેરે ક્ષેત્રોમાં માણસોની જરૂર છે.

**બ્રુનેઈ :** બ્રુનેઈ એશિયાઈ દેશ છે પણ નકશામાં શોધવો મુશ્કેલ પડે એવો. જોકે ત્યાંના સુલતાન અને પ્રજા સમૃદ્ધિ માટે આખા જગતમાં જાણીતા છે. બ્રુનેઈમાં ડોક્ટર, એન્જિનિયર, શિક્ષકો, કન્સ્ટ્રક્શન, ટેક્નોલોજી વગેરે સેક્ટરમાં માણસોની જરૂર છે.

**બ્રાઝિલ :** બ્રાઝિલ આમ તો ખૂબ દૂર છે. એ ઉપરાંત તેની આર્થિક સ્થિતિ ભારત કરતાં ખાસ સારી નથી. છતાં પણ ત્યાં આવડત ધરાવતા લોકોની જરૂર તો છે જ, કેમ કે બ્રાઝિલે વિકાસના હાઈવે પર ગાડી દોડાવવાની શરૂઆત કરી છે. સમગ્ર દેશનું મોર્ડનાઈઝેશન થઈ રહ્યું છે જેમાં નોકરીની અઢળક તકો છે.

**દક્ષિણ આફ્રિકા :** દક્ષિણ આફ્રિકામાં ગુજરાતીઓની મોટી સંખ્યા છે. તો પણ એ દેશની ગણતરી જરા અસલામત રાષ્ટ્ર તરીકે થાય છે. અશ્વેતો દ્વારા હુમલાના પ્રસંગો બનતા રહે છે, પરંતુ એવા હુમલા તો હવે દુનિયાના બધા દેશોમાં થાય છે. બાકી ગુજરાતીઓને દક્ષિણ આફ્રિકા ફાવી જાય એવું છે. વિવિધ સેક્ટરોમાં ત્યાં નોકરીઓ ખુલી રહી છે.

**નોર્વે :** આઈટી, બાયોટેક્નોલોજી, સિવિલ એન્જિનિયરિંગ, મિકેનિકલ એન્જિનિયરિંગ, લિગલ, રસોઈયા, શિક્ષક એ બધાં ક્ષેત્રોમાં નોર્વેમાં ઘણી જગ્યાઓ છે. એ ઉપરાંત નોર્વેમાં અભ્યાસ માટેનીય સારી તકો છે. ત્યાં ભણીને ત્યાં જ સારું કામ મેળવી શકાય છે.

અહીં આપેલા દેશો સીધા જ નોકરી આપી દે એવું નથી. પરંતુ ક્યાંક સરળતાથી સ્ટુડન્ટ વિઝા મળે છે, ક્યાંક સરળતાથી વર્ક માટે વિઝા મળે છે, તો ક્યાંક સામેથી કામની ઓફર મળે છે. ઉપરાંત જેમની પાસે નાણાં છે એ તો રોકાણ કરીને કોઈ પણ દેશમાં પગ જમાવી શકે છે.

(માહિતી સંદર્ભ : દિવ્ય ભાસ્કર, રસરંગ પૂર્તિ, તા. ૨૦ ઓગસ્ટ ૨૦૨૩)




# તુણા-ટેકરા મેગા કન્ટેનર ટર્મિનલ માટે ૪૨૪૩ કરોડનો દુબઈ સાથે કરાર

બંદરો, શિપિંગ અને જળમાર્ગો અને આયુષના કેન્દ્રીય મંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલની હાજરીમાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને DP વર્લ્ડ વચ્ચે કંડલા નજીક તુણા-ટેકરા ખાતે નવા મેગા કન્ટેનર ટર્મિનલના વિકાસ, સંચાલન અને જાળવણી માટે કન્સેશન કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડીપી વર્લ્ડના સીઇઓ અને યુએઇના સુલતાન HE અહેમદ બિન સુલેયમ ઉપસ્થિત રહ્યા હતા. તુણા-ટેકરા ખાતેના આ અદ્યતન કન્ટેનર ટર્મિનલનું નિર્માણ ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતની ભાવિ વેપારની માંગને ધ્યાનમાં રાખીને કરવામાં આવનાર છે.

આ પ્રોજેક્ટમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) દ્વારા રૂ. ૪૨૪૩.૬૪ કરોડ (૫૧૦ મિલિયન ડોલર)ના ખર્ચે હાલના દીનદયાળ પોર્ટ નજીક તુણા-ટેકરા ખાતે મેગા-કન્ટેનર ટર્મિનલનું નિર્માણ સામેલ છે. એકવાર પૂર્ણ થયા પછી ટર્મિનલની વાર્ષિક ક્ષમતા ૨.૧૯ મિલિયન TEUs હશે, અને તેમાં ૧૧૦૦ મી. બર્થનો સમાવેશ થશે જે ૧૮૦૦૦થી વધુ TEUs (કન્ટેનર) વહન કરતા જહાજોને હેન્ડલ કરવા સક્ષમ હશે. પ્રોજેક્ટથી કન્ટેનર ટર્મિનલ વેરહાઉસિંગ વગેરે જેવી અનેક જરૂરી સેવાઓના સર્જન સાથે ગાંધીધામ અને કચ્છના આર્થિક વિકાસને વેગ મળશે તેમજ સેંકડો લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકોનું સર્જન થશે તેવો આશા તજજ્ઞો વ્યક્ત કરી રહ્યા છે. દેશમાં અત્યાર સુધી પીપીપી મોડેલ તળે થયેલા પ્રોજેક્ટમાં આ સૌથી મોટો પ્રોજેક્ટ બની રહેશે. કંડલાની વ્યાપારી ક્ષમતામાં વધારો કરવા ઉપરાંત આ પ્રોજેક્ટ અર્થતંત્રને વેગ આપશે અને રોજગારીનું સર્જન કરશે. આ પ્રોજેક્ટ આપણા માન. વડાપ્રધાનના અમૃત કાલ વિઝન ૨૦૪૭ સાથે જોડાયેલો છે અને તે પોર્ટ હેન્ડલિંગ ક્ષમતાને ચાર ગણી કરશે અને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરશે. (Source : https://deshgujarat.com)



# ગુજરાતમાં શેલ એનર્જી દ્વારા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રૂ. ૩૫૦૦ કરોડનું રોકાણ

ઉર્જા ક્ષેત્રની અગ્રગણ્ય કંપની શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ ગુજરાતમાં ૩૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ અંગેના MoU રાજ્ય સરકાર અને શેલ એનર્જી વચ્ચે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ગુજરાતને બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ માટે બેંચમાર્ક તરીકે પ્રસ્થાપિત કરતી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી શ્રેણી જાન્યુઆરી-૨૦૨૪માં યોજાવાની છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજન હાથ ધર્યા છે. આ વાઇબ્રન્ટ




સમિટ દેશ-વિદેશના રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪નાં પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે.

આ ઉપક્રમના ચોથા તબક્કામાં ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા તા.૨૩ ઓગસ્ટ બુધવારે એક MoU કરવામાં આવ્યો હતો. શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ આ MoU અન્વયે રૂ. ૨૨૦૦ કરોડના રોકાણ સાથે ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં ૧૨૦૦ એકરમાં રિન્યુએબલ એનર્જી ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપશે. આ પ્લાન્ટ દ્વારા અંદાજે એક હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રોજગારી મળશે તેમજ સંભવતઃ ૨૦૨૬ સુધીમાં આ પ્લાન્ટમાં વાણિજ્યિક ઉત્પાદન શરૂ થઈ જશે. ઉપરાંત રાજ્યમાં વિવિધ સ્થળોએ ફ્યુઅલ રિટેલીંગ, EV રિચાર્જ સ્ટેશન ક્ષેત્રે શેલ એનર્જી દ્વારા રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે તથા અંદાજે બે હજાર લોકોને રોજગારી આ ક્ષેત્ર પૂરી પાડશે. તેમના આ પ્રોજેક્ટ આગામી ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાના છે. રાજ્ય સરકાર સાથે કરેલા આ MoU અનુસાર શેલ એનર્જી ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ LNG રિગેસિફિકેશન ટર્મિનલ, એસેટ ઇન્ટીગ્રિટી રિજુવેનેશન અને ડેબોટલનેકિંગ પ્રોજેક્ટમાં રૂ. ૫૦૦ કરોડનું રોકાણ કરવાની છે. આ પ્રોજેક્ટમાં ૩૭૫ લોકોને રોજગાર અવસર મળતા થશે તથા આ પ્રોજેક્ટ પણ સંભવતઃ ૨૦૨૭ સુધીમાં વાણિજ્યિક ઉત્પાદન કરતો થઈ જશે.

ગુજરાત રિન્યુઅલ એનર્જી સેક્ટરમાં દેશમાં લીડિંગ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે તથા ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી પોલીસીઝ અને બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝને કારણે રોકાણકારોની પહેલી પસંદ બન્યું છે એમ શેલ ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન શ્રી નીતીન પ્રસાદે કહ્યું હતું. (Source : https://gujaratinformation.gujarat.gov.in)

# ધોળાવીરાને મળ્યું વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન

ધોળાવીરાને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કર્યા પછી એકબાજુ અહીં પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તો બીજીબાજુ ધોળાવીરાને વધુ એક સિધ્ધિ હાંસલ થઈ છે. કચ્છના ધોળાવીરાને વર્લ્ડ એટલાસ અજાયબીઓમાં સ્થાન મળ્યુ છે. ભૂગોળની માહિતી આપતી આ જાણીતી વેબસાઈટમાં અજાયબીઓની યાદીમાં ધોળાવીરાને સ્થાન મળ્યું છે. ગુજરાતનું ધોળાવીરા ભારતના બે હડપ્પન શહેરોમાંનું એક છે. આ શહેરમાં ઇ.સ પૂર્વે ૧૮૦૦થી ૩૦૦૦ વચ્ચે બારસો વર્ષના સમયગાળામાં વસવાટ હોવાના પુરાવા મળ્યા છે. આમ, ધોળાવીરાનો ઇતિહાસ પાંચ હજાર વર્ષ જૂનો છે, મતલબ ઇજિપ્તના ગ્રેટ પિરામીડથી પણ જૂનો.

નોંધનીય છે કે ભારત દ્વારા ધોળાવીરાના ડિજિટલ વર્ઝનને ઉત્તર ધ્રુવના સ્વાલબાર્ડ દ્વીપસમૂહમાં લોંગયરબેન સ્થિત આર્કટિક વૉલ્ટ આર્કાઇવમાં મુકાયું છે. અહીં ધોળાવીરા ઉપરાંત તાજમહેલ અને ભીમ બેટકા ગુફાના ડિજિટલ વર્ઝનને જમા કરવામાં આવ્યા છે. ગયા વર્ષે જ ભારત સરકારે ધોળાવીરાના ડેટાને સુરક્ષિત કર્યું છે.

ધોળાવીરા આજ સુધી શોધાયેલા નગરોમાં સૌથી સારી રીતે સંરક્ષિત નગરમાં સ્થાન પામે છે. ધોળાવીરા બે ચોમાસુ નદીઓ મન્સર અને મનહર વચ્ચે વસેલું હતું. નગર ઉત્તર તરફ ઊંચું અને દક્ષિણ તરફ ઢાળવાળું હતું. ચારેય તરફ દિવાલોથી સંરક્ષિત ધોળાવીરાના દુર્ગમાં ઉત્તર તરફ એક મોટું મેદાન મળી આવ્યું છે જે ૪૭ મીટર પહોળું અને ૨૮૩ મીટર પહોળું છે. કદાચ તેનો ઉપયોગ સામુદાયિક સમારોહ, ખેલ કે પછી બજારોના રૂપમાં કરવામાં આવતો હશે.

ધોળાવીરાની જળપ્રબંધન પ્રણાલી અદભૂત હતી. અહીં મોટા જળકુંડ છે, જેને જોઇને મહેસૂસ થાય કે ધોળાવીરા અતીતમાં એક જીવંત સચેત નગર રહ્યું હશે. ધોળાવીરાવાસીઓને ભૂગર્ભમાંથી પાણી મળવાની આશા નહોતી, તેથી વરસાદ જ પાણીનો એકમાત્ર સ્ત્રોત હતો. વિશાળ જળકુંડ થકી તેઓ વરસાદી પાણીનો સંગ્રહ કરતાં. તેમણે નગરની આસપાસ ૧૬ ભવ્ય જળાશયોનું નિર્માણ કરાવ્યું હતું જેમાં લગભગ અઢી લાખ ઘનમીટર પાણીને સંગ્રહ કરી શકાતો હતો. મનહર નદીમાં આવતું વરસાદી પાણી નહેરના રસ્તે જળકુંડમાં જતું અને એકએક કરીને નગરના તમામ જળાશય ભરાઇ જતા. એક કુંડમાંથી બીજા કુંડમાં જતી વખતે આ પાણી પ્રાકૃતિક રૂપથી શુદ્ધ થઇ જતું. સ્વચ્છ પાણી દુર્ગની અંદર કુવામાં જમા થતું જે પીવા અને અન્ય ઉપયોગ માટે અલગઅલગ કુંડમાં જમા થતું.

ધોળાવીરાના લોકોએ પ્રાકૃતિક ઢાળનો ઉપયોગ કરીને નગરમાં તમામ જગ્યાઓ પર પાણી પહોંચાડવાની કળા શીખી લીધી હતી. રોમનવાસીઓ કરતાં પણ ખૂબ પહેલાં હડપ્પા સભ્યતાના લોકોએ આ અદભૂત ટેકનીક વિકસાવી હતી. પૂરના સમયે અતિરિક્ત પાણી નગરથી બહાર કાઢવા માટેની પણ વ્યવસ્થા હતી.

ધોળાવીરાના જળાશય ખૂબ વિશાળ હતા જેમાંના કેટલાક ૭૪ મીટર લાંબા, ૨૯ મીટર પહોળા અને ૧૦ મીટર સુધી ઊંડા હતા. તેની તુલના મોહેંજો દડોના પ્રસિદ્ધ સ્નાનાગારથી કરીએ તો તેના કરતા ત્રણ ગણા મોટા દેખાય છે. આટલા વિપુલ જથ્થામાં પાણી ઉપલબ્ધ હોવાને લીધે ધોળાવીરાવાસી વર્ષભર પાક લઈ શકતા હશે અને તેનો વેપાર મેસાપોટામિયા સાથે કરતા હશે. કદાચ આ જ વ્યાપારી સંબંધોથી ધોળાવીરામાં મળેલા કેટલાક અવશેષ મિસોપોટેમિયામાં પણ જોવા મળ્યા છે. પુરાતત્વવિદો માને છે કે કોઇ શક્તિશાળી ભૂકંપે આ સમગ્ર ક્ષેત્રને સમુદ્ર સ્તરથી ઉપર ઉઠાવી લીધું હશે, કે પછી જળવાયુમાં આવેલા અચાનક બદલાવથી અહીં વરસાદ પડતો બંધ થયો હશે કે પછી નદીઓના પ્રવાહ અચાનક બદલાવાથી ધોળાવીરામા ભયંકર દુકાળ પડ્યો હશે, જે તેને અંત તરફ દોરવામાં નિમિત્ત બન્યો હશે.

(Source & Photo Courtesy : https://zeenews.india.com, https://static.toiimg.com)





## ઇસબગુલના પ્રોસેસિંગમાં ગુજરાત ભારતમાં મોખરાના સ્થાન પર, દેશના કુલ ઇસબગુલના ઉત્પાદનનું ૯૦% પ્રોસેસિંગ ગુજરાતમાં

## અમેરિકાના લોકો નિયમિતપણે ખાય છે ગુજરાતમાં તૈયાર થતો ઔષધીય પાક

# ઇસબગુલ

સ્થાનિક ભાષામાં 'ઘોડાજીરૂ' તરીકે ઓળખાતો ઇસબગુલ ભારતમાં ખેતી હેઠળના તમામ ઔષધીય પાકોમાં સૌથી વધુ વિસ્તાર ધરાવતો અતિ મહત્વનો પાક છે. સમગ્ર વિશ્વમાં ભારત એ ઇસબગુલ જેવા ઔષધીય પાકનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. ઇસબગુલ પાકના પ્રોસેસિંગમાં ગુજરાત સમગ્ર ભારતમાં મોખરાના સ્થાન પર છે. ભારતના કુલ ઇસબગુલના ઉત્પાદનનું ૯૦ ટકા પ્રોસેસિંગ ગુજરાતમાં કરવામાં આવે છે. તેના પ્રોસેસિંગના એકમો સિદ્ધપુર અને ઊંઝા ખાતે કાર્યરત છે. ઊંઝા અને તેની આસપાસના વિસ્તારોમાં લગભગ ૨૫ જેટલા ઇસબગુલ પ્રોસેસિંગ યુનિટ્સ વિકસિત કરવામાં આવ્યા છે.

ઇસબગુલ એ સૌથી વધુ વિદેશી હૂંડિયામણ કમાવી આપતો ઔષધીય પાક છે અને ભારતના કુલ ઇસબગુલના ઉત્પાદનના ૯૩ ટકા ઉત્પાદનની નિકાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે, જેમાં અમેરિકા ભારત પાસેથી સૌથી વધુ માત્રામાં ઇસબગુલ ખરીદે છે. ત્યારબાદ ભારત પાસેથી સૌથી વધુ ઇસબગુલ ખરીદનારા દેશોમાં જર્મની, ઇટલી, યુકે અને કોરિયાનો સમાવેશ થાય છે. જોકે, વિશ્વના અનેક દેશોમાં ભારતમાંથી ઇસબગુલની નિકાસ કરવામાં આવે છે. ભારતમાંથી ઇસબગુલનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા છે, જે ભારતમાંથી થતી કુલ નિકાસનો લગભગ ૭૫% હિસ્સો ધરાવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતમાંથી અમેરિકામાં ૧૯,૬૬૬ મેટ્રિક ટન ઇસબગુલની નિકાસ કરવામાં આવી હતી, જેનું મૂલ્ય રૂ. ૧૦૨૩.૨૯ કરોડ છે. વર્ષ ૨૦૨૩-૨૪ માટે પણ એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૩૪૩.૨૦ કરોડના મૂલ્યના ૪૯૩૧.૭૦ મેટ્રિક ટન ઇસબગુલની અમેરિકામાં નિકાસ કરવામાં આવી છે. આ આંકડા દર્શાવે છે કે ભારતીય ઔષધીય પાક ઇસબગુલ અમેરિકામાં હાલ ભારે માંગમાં છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત કૃષિ ક્ષેત્રે વિકાસ કરી રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારની બાગાયત અને ઔષધીય પાકો માટેની પ્રોત્સાહક નીતિઓના પરિણામે ગુજરાતમાં બાગાયતી અને ઔષધીય પાકોના વાવેતર અને ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો છે. આ ઉપરાંત, ગુજરાત સરકારની પ્રોત્સાહક ઉદ્યોગનીતિ તેમજ એગ્રો ઇન્ડસ્ટ્રીઝની નીતિઓના કારણે કૃષિ ઉત્પાદનોના પ્રોસેસિંગમાં અને તેમની નિકાસમાં પણ વધારો થઈ રહ્યો છે.

આ ઇસબગુલના ઉત્પાદનમાં ગુજરાત દેશના અગ્રણી રાજ્યોમાં સ્થાન ધરાવે છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રાજ્યમાં ઇસબગુલનો કુલ વાવેતર વિસ્તાર ૬૭૫૪ હેક્ટર અને કુલ ઉત્પાદન ૬૮૧૭ મેટ્રિક ટન હતું, તેની સામે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ વાવેતર વિસ્તાર ૧૩,૩૦૩ હેક્ટર અને કુલ ઉત્પાદન ૧૨,૯૫૨ મેટ્રિક ટન થયું છે. આમ, છેલ્લા પાંચ વર્ષોમાં ગુજરાતમાં ઇસબગુલનો વાવેતર વિસ્તાર અને તેનું ઉત્પાદન લગભગ બમણું થયું છે. ગુજરાતમાં બનાસકાંઠામાં ઇસબગુલનું સૌથી વધુ એટલે કે ૪૭% ઉત્પાદન થાય છે, ત્યારબાદ કચ્છમાં ૩૪%, મહેસાણામાં ૧૦% અને જૂનાગઢમાં ૫% ઇસબગુલનું ઉત્પાદન થાય છે.

ઇસબગુલના બીજ શીતળતાના ગુણધર્મો ધરાવે છે અને તેનો ઉપયોગ આયુર્વેદિક, યુનાની અને એલોપથી ચિકિત્સાઓમાં કરવામાં આવે છે. તેના બીજ તથા તેની ભૂકીનો ઉપયોગ પાચનતંત્ર અને મૂત્રજનનતંત્રના શ્લેષ્મ આવરણોના સોજા દૂર કરવામાં તથા આંતરડાના ચાંદા, મસા અને ગોનોરીયાની સારવાર કરવા ઉપરાંત કોલેસ્ટેરોલ ઘટાડવા માટે કરી શકાય છે. ગર્ભપાત વખતે ગર્ભાશય તેમજ યોનિમાર્ગના વિસ્તરણ માટે પણ તેનો ઉપયોગ કરવા અંગે તાજેતરમાં સંશોધન થયું છે. ઔષધીય ઉપયોગો ઉપરાંત તેનો ઉપયોગ રંગકામ, કાપડનું છાપકામ, આઈસ્ક્રીમ ઉદ્યોગ, મીઠાઈ અને સૌંદર્ય પ્રસાધન ઉદ્યોગમાં પણ કરી શકાય તેમ છે. આ ઉપરાંત, ઇસબગુલના ભૂસીમુક્ત બીજમાં ૧૭થી ૧૯% પ્રોટીન હોય છે અને તેથી તેનો ઉપયોગ પશુ આહારમાં કરવામાં આવે છે.

માર્કેટ રિસર્ચ કંપની મિન્ટેલ અનુસાર, અમેરિકામાં ઇસબગુલના વિવિધ ઉત્પાદનોની અત્યારે ધરખમ માંગ છે. વર્ષ ૨૦૧૮થી વર્ષ ૨૦૨૨ સુધીમાં અમેરિકામાં ઇસબગુલના ૨૪૯ નવા ઉત્પાદનો બહાર પાડવામાં આવ્યા હતા. ઇસબગુલની ઘણીબધી નવી પ્રોડક્ટ્સનો ઉપયોગ હવે અમેરિકાના રસોડાઓમાં પણ થવા લાગ્યો છે. ઓછા કાર્બોહાઇડ્રેટ્સવાળો ખોરાક ખાતા લોકો તેનો બાઇન્ડિંગ તરીકે ઉપયોગ કરે છે, રસોઇ દરમિયાન પાતળા સોસને થોડોક વધુ ઘટ્ટ બનાવવા માટે ઇસબગુલનો ઉપયોગ થાય છે, તો ગ્લુટન ફ્રી બેકર્સ બ્રેડ અને કેકના બેકિંગમાં તેનો ઉપયોગ કરે છે. અમેરિકામાં પાચનને સરળ બનાવવા અને ભૂખને કાબૂમાં રાખવા માટે પણ ઇસબગુલનો ઉપયોગ કરવામાં આવે છે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in
www.ayurtimes.com)

# વિશ્વ ગુજરાતી ભાષા દિવસ: ૨૪ ઑગસ્ટ



## ગુજરાતી ભાષાનો વ્યાપ વધારવા તથા તેના સંવર્ધન અને જતન માટે રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર પહેલ

'જય જય ગરવી ગુજરાત, દીપે અરૂણું પરભાત' જેવા લોકપ્રિય ગુજરાતી કાવ્ય આપનાર ગુજરાતી સાહિત્યના આદ્ય કવિ અને સામાજિક પરિવર્તનના પ્રખર હિમાયતી એવા નર્મદા લાભશંકર દવે 'નર્મદ'ની સ્મૃતિમાં તેમના જન્મદિવસે એટલે કે ૨૪ ઓગસ્ટના રોજ વિશ્વ ગુજરાતી ભાષા દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ઓસ્ટ્રેલિયામાં ચાલતો ગુજરાતી એસબીએસ રેડિયો હોય કે પછી જુદા જુદા રાજ્યો અને વિદેશોમાં ચાલતા ગુજરાતી સમાજો હોય, વર્ષ ૧૯૩૨માં આવેલી પ્રથમ ગુજરાતી ચલચિત્ર 'નરસિંહ મહેતા'થી લઈને ઓસ્કારમાં જનારી પ્રથમ ગુજરાતી ચલચિત્ર 'છેલ્લો શૉ' હોય, આ તમામે ગુજરાતી ભાષાના જતન સાથે ગુજરાતી ભાષાને વૈશ્વિક સ્તરે પહોંચાડી છે. ભારતના બંધારણમાં સમાવિષ્ટ ૨૨ સત્તાવાર ભાષાઓમાંની એક ભાષા ગુજરાતી છે. ગુજરાતી એ ગુજરાત રાજ્ય ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવની સત્તાવાર ભાષા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫.૫ કરોડ ગુજરાતી બોલનારા લોકોની સાથે ગુજરાતી ભારતમાં છઠ્ઠી સૌથી વધુ બોલાતી ભાષા છે.

વધતા જતા વૈશ્વિકરણ અને શિક્ષણના વધેલા વ્યાપને કારણે ગુજરાતમાં પણ અંગ્રેજીનું મહત્વ વધ્યું છે ત્યારે ગુજરાતી ભાષાના સમૃદ્ધ વારસાના જતન સાથે તેનો વ્યાપ વધારવા વિશ્વ ગુજરાતી ભાષા દિને સૌ ગુજરાતીઓએ ભાષાની જાળવણી અને સંવર્ધન માટેનો સંકલ્પ લેવો અત્યંત આવશ્યક છે. આ દિવસની ઉજવણીનો હેતુ કવિ નર્મદના અમૂલ્ય યોગદાનનું સ્મરણ કરવા ઉપરાંત ગુજરાતી ભાષાની સુંદરતાને વિશ્વફલકમાં ફેલાવવાનો પણ છે.

રાજ્યમાં પણ ગુજરાતી ભાષાનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા અનેક નવતર આયામો હાથ ધરીને આપણી ભાષાના સમૃદ્ધ વારસાના જતન માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે સૌ ગુજરાતીઓ પણ પોતાનું યોગદાન આપે તો જ આ દિવસની ઉજવણી સાર્થક થશે તેમજ ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં વધારો થશે.

ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૧માં શરૂ કરવામાં આવેલી 'ગુજરાતી ભાષા પ્રચાર યોજના' જેવી પહેલ થકી ગુજરાતી ભાષા અને તેના જાજરમાન વારસાને સક્રિયપણે આગળ વધારવાનું કાર્ય કર્યું છે. આ સર્વગ્રાહી પહેલનો મુખ્ય હેતુ ગુજરાતી ભાષાના વર્ગો, સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત સાહિત્યિક કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ભાષા શિક્ષણને સમૃદ્ધ બનાવવાનો છે. જે ભાષાના વિકાસ માટે રાજ્યનું સમર્પણ ચરિતાર્થ કરે છે. ગુજરાતી ભાષા સરળ રીતે શીખવવા માટે અને તેને સુસંગત બનાવવા માટે આ યોજના મહત્વની ભૂમિકા ભજવી રહી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્યભરની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરવાનું વિધેયક ગુજરાત વિધાનસભા ખાતે પસાર કર્યું હતું. વિધેયક મુજબ, રાજ્યની તમામ શાળાઓમાં ધોરણ ૧ થી ૮ સુધી ગુજરાતી ભાષા ફરજિયાત ભણાવવામાં આવશે. આ વિધેયક ગુજરાતી ભાષાના જતન અને સંવર્ધનની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જેના થકી રાજ્યના પ્રત્યેક વિદ્યાર્થીને પોતાની માતૃભાષા-ગુજરાતી ભાષા શીખવાની તેમજ પોતાના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા સાથે જોડાવાની પૂર્ણ તક મળી છે.

રાજ્ય સરકારની ગુજરાતી ભાષાની જાળવણી અને સંવર્ધન ઉપરાંત તેનો વ્યાપ વધારવા અંગેની અડગ પ્રતિબદ્ધતા વિશ્વના વિવિધ દેશોમાં પણ ગુજરાતીઓ માટે ભવિષ્ય ઉજળું બનાવી રહી છે. ગુજરાતી ભાષા એ ફક્ત ભાષા નથી, એક બહોળો ગૌરવશાળી ઇતિહાસ અને સમૃદ્ધ સાહિત્ય ધરાવતી સંસ્કૃતિ છે. રાજ્યમાં રાજભાષા ગુજરાતીનો બહોળો ઉપયોગ થાય તે આશયથી રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પ્રથમ તબક્કે ગુજરાત રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગરમાં સર્વે સરકારી કાર્યાલયો, પરિસરો અને સાર્વજનિક સ્થળોએ જ્યાં જ્યાં નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો ઉપયોગ ફરજિયાત કરવા પરિપત્ર કરી સૂચનાઓ આપવામાં આવેલી છે. આ ઉપરાંત સરકારી પરિસરોની જેમ જ ખાનગી માલિકીના સાર્વજનિક સ્થળોએ જેમ કે સિનેમાગૃહ, નાટ્યગૃહ, બેન્કવેટ હૉલ, શાળા, કૉલેજ, સુપર માર્કેટ, શૉપિંગ મોલ્સ, હૉસ્પિટલ, વાતાનુકૂલિત વ્યવસ્થા ધરાવતી હૉટેલ, રેસ્ટોરન્ટ અને કેફે, બૅન્ક, વાંચનાલય, બગીચાઓ સહિતના જાહેર સ્થળો પર નામ, સૂચના, માહિતી, દિશા-નિર્દેશ લખેલા હોય તે સર્વે લખાણોમાં અંગ્રેજી/હિન્દી સાથે ગુજરાતી ભાષાનો પણ ફરજિયાત ઉપયોગ કરવા સૂચનાઓ આપવામાં આવેલી છે.

ટેકનોલોજીના વધતા વ્યાપને કારણે ગુજરાતી જેવી સ્થાનિક ભાષાઓને પણ નવો મંચ મળ્યો છે. એક વખતના માત્ર અંગ્રેજી સમજી શકતા મોબાઇલ જેવા ઉપકરણોમાં ગુજરાતી ભાષામાં હવે સરળતાથી લખી શકાતું હોવાથી લોકો તેનો સરળતાથી ઉપયોગ કરતા થયા છે. યુનિકોડ ફોન્ટને કારણે હવે કોમ્પ્યુટર-મોબાઇલ વગેરેમાં ગુજરાતી લખવું સરળ બન્યું છે, તો વળી, અત્યાધુનિક ટેકનોલોજીને કારણે હવે ટાઈપ કરવાને બદલે બોલીને પણ ગુજરાતી લખી શકાય છે. આમ, ટેકનોલોજીએ ગુજરાતી સહિત સ્થાનિક ભાષાઓને નવું જીવન પ્રદાન કરવા કર્યું છે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)